"સરળ નોંધણી
સરળ સુધારણા"

મતદાર નોંધણી અધિકારી, ૧૬૪-ઉધના વિધાનસભ મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, પંચાયત સુરતની કચેરી, દરીયા મહેલ, સુરત.

નં.મતય/ખાસઝુંબેશ-૨૦૨૧/મતદાનમથકસ્થળ/૧૬૪-ઉધના/વશી /૨૦૨૦ તા. ૧૩/૧૧/૨૦૨૦

પ્રતિ

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

(૨) શાસના અધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
ગોપીપુરા, સંઘડિયાવાડ, સુરત

(૩) કાર્યપાલક ઇજનેરશ્રી,
સાઉથ ઝોન ઉધના, સુરત મહાનગરપાલિકા, સુરત

વિષય:- તા.૦૧.૦૧.૨૦૨૧ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે ખાસ ઝુંબેશના દિવસો તા.૨૨/૧૧/૨૦૨૦(રવિવાર), તા.૨૯/૧૧/૨૦૨૦(રવિવાર), તા.૦૬/૧૨/૨૦૨૦(રવિવાર) અને તા.૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર) ના દિવસોએ નિયોજીત કરેલ મતદાન મથકો (શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/આંગણવાડી)ઓ ખુલ્લી રાખવા બાબત.

સંદર્ભ: મે.મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ઈએલઆર/૧૪૨૧/૯૫(૨)/છ, તા.૧૦-૦૮-૨૦૨૦, તા.૧૧-૦૯-૨૦૨૦, તા.૦૧-૧૧-૨૦૨૦

જયભારત સહ ઉપરોકત વિષય પરત્વેનાં સંદર્ભમાં જણાવવાનું કે, તા.૦૧.૦૧.૨૦૨૧ ની લાયકાતની તારીખનાં સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનાં અમલીકરણ માટે ભારતનાં ચુંટણી પંચ દ્વારા વિગતવાર કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ અંતર્ગત મતદારયાદીમાં નામ નોંધાવવા, નામ કમી કરવા તેમજ ભુલો સુધારવા અંગે ખાસ ઝુંબેશના દિવસો તા.૨૨/૧૧/૨૦૨૦ (રવિવાર), તા.૨૯/૧૧/૨૦૨૦ (રવિવાર), તા.૦૬/૧૨/૨૦૨૦ (રવિવાર) અને તા.૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર)ના રોજ સવારે ૧૦-૦૦ થી સાંજે ૦૫-૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. જે દરમિયાન બુથ લેવલ ઓફિસરશ્રીઓ તેઓનાં મતદાન મથક પર બેસીને મતદારો પાસેથી ફોર્મ નં.૬, ૭, ૮ અને ૮-ક મતદારો પાસેથી મેળવી શકશે. જેથી ઉક્ત જણાવેલ તારીખે તથા સમય સુધી શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/આંગણવાડીઓ ખુલ્લી રાખવા તેમજ બી.એલ.ઓ.શ્રી માટે બેસવાની તથા પીવાનાં પાણીની વ્યવસ્થા કરવા આ સાથે અત્રેનાં કુલ-૫૩ સ્થળોની યાદી સામેલ છે. જે અન્વયે આપનાં તાબા હેઠળની શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/આંગણવાડીનાં પ્રતિનિધીશ્રીઓને જાણ કરવા વિનંતી છે.

સદરહું કામગીરી રાષ્ટ્રીય કામગીરી હોય, ઉક્ત તારીખે આપની શાળા/કોલેજ/સંસ્થા/કચેરી/આંગણવાડી ખુલ્લી રાખવા ખાસ નોંધ લેશો. તેમજ સદર રાષ્ટ્રીય કામગીરીમાં સાથ-સહકાર આપવા વિનંતી છે.

મતદાર નોંધણી અધિકારી
૧૬૪-ઉધના વિધાનસભા મતદાર વિભાગ
અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી

જા.નં/મા-૨/મતચ/ઝુંબેશ દિવસ/૨૦૨૦/ 12023

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી-૩
અઠવાલાઇન્સ, સુરત.
તા.૨૦/૧૧/૨૦૨૦

આચાર્યશ્રી,
૧૬૪-ઉધના વિધાનસભા મત વિભાગની શાળાઓ તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત

| |
|---|
| ખુબ અગત્યનું<br>મતદાર યાદી |

भारत निर्वाचन आयोग
Election Commission Of India


મતદાર નોંધણી અધિકારી
૧૬૮–ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને
નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ)ની કચેરી
ઠે. બીજો માળ, જિલ્લા પંચાયત કચેરી, દરિયા મહલ,
ચોક બજાર, સુરત
ઈ–મેઈલ:-ro168chorasi@gmail.com


અગત્યનું / સમય મર્યાદા :-

નં.મતય/ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૧/કાર્યક્રમ/૨૦૨૦
તા.૧૯/૧૧/૨૦૨૦

પ્રતિ,
(૧) કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકા, મુગલીસરા,સુરત.
(૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, એ-બ્લોક, ત્રીજો માળ,જીલ્લા સેવા સદન, અઠવાલાઈન્સ, સુરત.
(૩) શાસનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ, સંઘડિયાવાડ, બેગમપુરા, સુરત.
(૪) આઈડીસીએસ ઓફિસરશ્રી, સુરત મહાનગર પાલીકા, લીબાયત ઝોન, પોલીસ ચોકીની ઉપર, દિલ્હી ગેટ, સુરત.

વિષય :- ૦૧/૦૧/૨૦૨૧ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બાબત.
સંદર્ભ :- મુખ્ય નિરવાચન અધિકારીશ્રી ગુજરાતના પત્ર ક્રમાંક:-ઈએલઆર/૧૪૨૧/૯૫(૨)/છ તા.૦૧/૧૧/૨૦૨૦.

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભમાં જણાવેલ પત્રથી ભારતીય ચુંટણી પંચના આદેશાનુસાર તા.૦૧/૦૧/૨૦૨૧ની લાયકાતની તારીખના સદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે કાર્યક્રમ નીચે મુજબ છે.

| અનુ.નં. | મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનાં વિસ્તૃત કાર્યક્રમનાં તબક્કા | સમયગાળો |
|---|---|---|
| ૧ | ફોટાવાળી ,મતદાર યાદીના મુસદ્દની પ્રસિધ્ધી. | તા.૦૯/૧૧/૨૦૨૦(સોમવાર) |
| ૨ | હકક/દાવા અને વાંધા અરજીઓ રજુ કરવાનો સમયગાળો. | તા.૦૯/૧૧/૨૦૨૦(સોમવાર) થી તા.૧૫/૧૨/૨૦૨૦(મંગળવાર) |
| ૩ | નિયોજીત સ્થળોએ હકક/દાવા અને વાંધા અરજીઓ સ્વીકાવા માટેની ખાસ ઝુંબેશના દિવસો(મતદાન મથક સ્થળ). | તા.૨૨/૧૧/૨૦૨૦(રવિવાર)<br>તા.૨૯/૧૧/૨૦૨૦(રવિવાર)<br>તા.૦૬/૧૨/૨૦૨૦(રવિવાર)<br>તા.૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર) |
| ૪ | મતદાર યાદીની આખરી પ્રસિધ્ધી. | તા.૧૫/૦૧/૨૦૨૧(શુક્રવાર) |

ઉપરોક્ત કાર્યક્રમ અન્વયે તા.૨૨/૧૧/૨૦૨૦ (રવિવાર), તા.૨૯/૧૧/૨૦૨૦ (રવિવાર), તા.૦૬/૧૨/૨૦૨૦ (રવિવાર) અને તા.૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર)ના રોજ ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ સવારે ૧૦-૦૦ કલાકથી સાંજે ૦૫-૦૦ કલાક સુધી યોજવાનું ભારતીય ચુંટણી પંચે નકી કરેલ છે. આ ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમિયાન ડેઝીગ્નેટેડ લોકેશન ઉપર પદનામિત અધિકારી/બુથ લેવલ ઓફિસરની નિમાણુંક કરવામાં આવેલ છે. જેઓ નિયત સમય, તારીખ અને સ્થળે પુરા સમય માટે એટલે કે, સવારે ૧૦-૦૦ કલાકથી સાંજે ૦૫-૦૦ કલાક સુધી હાજર રહી મતદાર યાદીના ફોર્મ સ્વિકારવાની કામગીરી કરનાર હોઇ, અત્રેના ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ અને મતદાન મથક ધરાવતી તમામ શાળા, હાઇસ્કુલ, આંગણવાડી,વોર્ડ ઓફીસ તથા ઝોન ઓફીસ વિગેરેમાં આવેલ મતદાન મથકોવાળા રૂમો ખુલ્લા રાખવા તથા તેઓને બેસવા માટે ખુરશી-ટેબલની વ્યવસ્થા કરવા શાળાના આચાર્યશ્રીઓને તથા સબંધિતશ્રીઓને જરૂરી સુચના અપાઇ જવા વિનંતી છે.

મતદાર નોંધણી અધિકારી
૧૬૮ ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને
નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ) સુરત

નકલ સવિનય રવાના : અધિક જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી, સુરત તરફ જાણ થવા સારૂ.

નકલ જયભારત રવાના :

(૧) મતદાનનોંધણી અધિકારી ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદારમંડળ અને હિસાબી અધિકારીશ્રી સુરત, જીલ્લા પંચાયત કચેરી,દરિયા મહેલ,ચોક બજાર સુરત

(૨) મદદનીશ મતદાનનોંધણી અધિકારી ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદારમંડળ અને મામલતદારશ્રી ચોર્યાસી,તા.ચોર્યાસી,જી.સુરત

(૩) મદદનીશ મતદાનનોંધણી અધિકારી ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદારમંડળ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી ચોર્યાસી, તા.ચોર્યાસી,જી.સુરત

નકલ જયભારત રવાના :

સેકટર ઓફિસરશ્રી(તમામ) તરફ / બીએલઓશ્રી(તમામ) તરફ,

૨/- ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અનુસાર તા.૨૨/૧૧/૨૦૨૦ (રવિવાર), તા.૨૯/૧૧/૨૦૨૦(રવિવાર),તા.૦૬/૧૨/૨૦૨૦ (રવિવાર) અને તા.૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર) ના રોજ સવારે ૧૦-૦૦ કલાક થી સાંજે ૦૫-૦૦ કલાક સુધી અત્રેના ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાન વિભાગના મતદાન મથકો ધરાવતી તમામ સરકારી/અર્ધસરકારી બિલ્ડીંગો, શાળા, હાઇસ્કુલો વિગેરે ખુલ્લી રહે અને આપની કામગીરી સરળતાથી થાય તે માટે આગળના દિવસે સબંધિત મતદાન મથક બિલ્ડીંગના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ/આચાર્યશ્રીઓ સાથે સંકલન કરીલઇ જરૂરી આગોતરી

જા.નં/મા-૨/મતય/ઝુંબેશ દિવસ/૨૦૨૦/ 12022

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી-3
અઠવાલાઇન્સ, સુરત.
તા.૨૦/૧૧/૨૦૨૦

આચાર્યશ્રી,
૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતવિભાગની શાળાઓ તરફ.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત